પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૬૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૯-૦૬-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાનો ભાજપનો પ્લાન તૈયાર

## એકનાથ શિંદેને નાયબ મુખ્યમંત્રી, ૮ કેબિનેટ અને ૫ રાજ્યમંત્રી સાથે સરકાર બનાવવાની ઓફર

મુંબઈ,

મહારાષ્ટ્રમાં રાજકીય ખેંચતાણ વચ્ચે હવે આટલા સમયથી મૌન ભાજપ હવે સરકાર બનાવવા એક્શનમાં આવતી હોય એવું લાગી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપે મોટા રાજકીય ફેરફારો કરીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાની તૈયારી કરી લીધી છે. એ સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે આ સપ્તાહના અંત સુધીમાં મહારાષ્ટ્રમાં નવી સરકાર બની જાય એવી શક્યતા છે. મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે દેવેન્દ્ર ફડણવીસના ઘરે બેઠકો પણ શરૂ થઈ ગઈ છે.

ભાજપના એક સિનિયર નેતાએ જણાવ્યું હતું કે મહાવિકાસ આઘાડી પાર્ટીને પાડવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, ભાજપના આ સિનિયર નેતાએ કહ્યું હતું કે જો બધું બરાબર રહેશે તો અમે શનિવારે અથવા રવિવારે નવી સરકારની સ્થાપના થાય એવી આશા રાખી શકીએ છીએ.શિવસેનાના બળવાખોર ધારાસભ્યો ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવશે એવી સંપૂર્ણ શક્યતા છે. તેમાં શિંદેને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવી શકે છે. એ ઉપરાંત શિંદે જૂથના ૮ કેબિનેટ મંત્રી અને ૫ રાજ્યમંત્રીને પણ સરકારમાં સ્થાન મળે એવી શક્યતા છે, જ્યારે ૨૯ કેબિનેટ મંત્રી ભાજપમાંથી બનાવવામાં આવશે.



શિંદે જૂથ સાથે અત્યારે હાલની સરકારના ૮ મંત્રી છે. આ સંજોગોમાં શિંદે જૂથ એ જ મંત્રાલય ઈચ્છશે જે ધારાસભ્યો પાસે પહેલેથી છે, કારણ કે છેલ્લા એક મહિનાથી તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને ઉદ્ધવ સરકારે રોકી દીધા હતા. એકનાથ શિંદે ઈચ્છે છે કે જે અપક્ષ ધારાસભ્યો બળવાખોર જૂથ સાથે આવ્યા છે તેમને બીજેપી તેમના કોટામાંથી મંત્રી બનાવે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મહારાષ્ટ્રમાં એમવીએ સરકાર પાડવા માટે ભાજપ હાઈકમાન્ડના આદેશની રાહ જોવામાં આવી રહી છે. શિવસેનામાં ફૂટ અને ભાજપ અથવા મનસે સાથે જોડાવવા વિશે એક સિનિયર નેતાએ જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ દાવો કર્યો છે કે તેઓ અસલી શિવસેનાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તો ભાજપ અથવા મનસે સાથે જોડાવવાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે જો વિશેષ સત્રમાં બળવાખોર ધારાસભ્યો ના આવવાથી સરકાર પડશે અને નવા મુખ્યમંત્રીની પસંદગી કરાશે તો તેઓ તાત્કાલિક નવા સ્પીકરની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરી દેશે, જે શિંદેની આગેવાનીવાળા જૂથને અસલી સેના સ્વરૂપે માન્યતા આપશે. નેતાએ કહ્યું હતું કે યોજનાઓનું ફુલપ્રૂફ હોવું જરૂરી છે. તેમણે એમ કહ્યું હતું કે જ્યારે દેવેન્દ્ર ફડણવીસે અજિત પવાર સાથે મળીને વહેલી સવારે શપથ લીધા અને ૨ દિવસમાં સરકાર પડી ગઈ એવી સ્થિતિ તેઓ નથી ઈચ્છતા.

એવી શક્યતાઓ દર્શાવવામાં આવી છે કે આગામી એક-બે દિવસમાં જ એકનાથ શિંદે મુંબઈ પહોંચી શકે છે અને ફ્લોર ટેસ્ટની અપીલ રાજ્યપાલ ભગત સિંહ કોશિયારીને આપી શકે છે. રિપોર્ટ પ્રમાણે, એક અન્ય યોજના એવી પણ છે કે ભાજપ પણ ફ્લોર ટેસ્ટ માટે કોશિયારીને પત્ર સોંપી શકે છે. જો રાજ્યપાલ વિશેષ સત્ર બોલાવશે તો પાર્ટી એ નક્કી કરશે કે બળવાખોર ધારાસભ્યોએ હાજર રહેવું કે નહીં. આ રીતે એમવીએ સરકાર પડવાનું નક્કી થઈ જશે.

### અમે શિવસેનામાં જ છીએ, હિન્દુત્વને આગળ લઈ જઈશું-ટૂંક સમયમાં મુંબઈ જઈશું : શિંદે

ગુવાહાટીની હોટલમાં હાજર શિવસેનાનો બળવાખોર જૂથનાં નેતા એકનાથ શિંદે આજે મીડિયા સમક્ષ આવ્યા હતા. ત્યાં તેમણે કહ્યું હતુ કે અમે શિવસેનામાં જ છીએ. અમે પાર્ટી છોડી નથી. અમે હિન્દુત્વના મુદ્દાને આગળ લઈ જઈ રહ્યા છીએ. શિંદેએ ટૂંક સમયમાં જ મુંબઈ જવાની વાત પણ કરી હતી. ગુવાહાટીમાં ઉપસ્થિત શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદેએ પોતાની સાથે ૪૦ ધારાસભ્યો હોવાનો દાવો કર્યો છે.જયારે આદિત્ય ઠાકરેએ દાવો કર્યો કે ૧૫થી ૨૦ બળવાખોર ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. તેમને મને અને શિવસૈનિકને ફોન કરીને ગુવાહાટીથી પરત લાવવાની અપીલ કરી છે. પહેલા સુરત અને પછી ગુવાહાટીમાં તેમની સ્થિતિ કેદીઓ જેવી છે.ભાજપના સૂત્ર પ્રમાણે મહાવિકાસ અઘાડીની સરકાર હવે અલ્પમતમાં છે અને વિધાનસભામાં તે ટુંક સમયમાં સાબિત પણ થઈ જશે અને ભાજપની નવી સરકાર બનશે

## રથયાત્રા રૂટ પર ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ફૂટ પેટ્રોલિંગ કર્યું

અમદાવાદ,

ભગવાન જગન્નાથજીની રથયાત્રા સમગ્ર અમદાવાદ માટે ઐતિહાસિક ક્ષણ હોય છે. વર્ષોથી યોજાતી આ રથયાત્રા અમદાવાદ જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થા અને ભક્તિનું કેન્દ્ર બની રહે છે. આ યાત્રામાં દેશ વિદેશના અનેક શ્રદ્ધાળુઓ ભાવપૂર્વક જોડાય છે. જગન્નાથ મંદિર ઓડિશા બાદ ભારતમાં સૌથી મોટી યાત્રા અમદાવાદ ખાતે આયોજિત થાય છે. આ જગન્નાથ યાત્રાની સુરક્ષા વ્યવસ્થા પણ ખૂબ ગંભીર વિષય છે.



આ સમગ્ર યાત્રાની સુરક્ષા સુચારું રીતે થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની ખાસ કાળજી પોલીસ તંત્ર અને ખાસ કરીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી લઈ રહ્યા છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે અને મંદિરના વ્યવસ્થાપન સમિતિ સાથે અનેક બેઠકો યોજી છે.પોલીસ સાથે સી.આર.પી. એફ., બી.એસ. એફ. ઉપરાંત બોડી વોરન કેમેરા અને ડ્રોન દ્વારા સમગ્ર યાત્રા પર બાજ નજર રાખવામાં આવશે.રૂટ પર સુરક્ષાને લઈ કોઈ તૃટી જશે તો દૂર કરાશે. તેમજ ગૃહમંત્રીનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું છે.તેમજ ગુજરાતના ગૌરવ સમાન અષાઢી બીજની ભગવાન જગન્નાથજીની યાત્રા હર્ષોલ્લાસ સાથે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવા તંત્ર સજ્જ બન્યું છે.

આ તમામ વ્યવસ્થાઓના રિહર્સલ સ્વરૂપે યાત્રાના રૂટ પર આજે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ફૂટ પેટ્રોલિંગ કર્યું છે..ગૃહમંત્રીનું આ પગલું લોકોમાં યાત્રાની સુરક્ષા બાબતનો વિશ્વાસ વધુ મજબૂત કરી રહ્યા છે.આજે રથયાત્રાના રૂટ પર રિહર્સલ કરવામાં આવ્યું છે.નિજ મંદિરથી સરપુર અને સરપુરથી નિજ મંદિર સુધી રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે.અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ચાલીને રૂટ નિરીક્ષણ કર્યું. અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવએ ન્યુઝ ૧૮ ગુજરાતી સાથે વાત કરતા જણાવ્યું હતું કે સુરક્ષા સુનિશ્ચ કરવામાં આવી છે. રથયાત્રાનું પહેલું રિહર્સલ છે.કડક બંદોબસ્ત હશે. રથયાત્રાના દિવસે રૂટ ડાયવર્ઝન કરવામાં આવશે.તેમજ રથયાત્રાના દિવસે ૨૫ હજાર જેટલા સુરક્ષાકર્મીઓ તૈનાત હશે.

## ડિજિટલ શિક્ષણના મામલે દેશની શાળાઓ પાછળ, શિક્ષણ મંત્રાલયના સર્વેમાં ખુલાસો

નવીદિલ્હી,


ભારતમાં કોરોના વાયરસની મહામારી શરૂ થતાંની સાથે જ. તે સમયે, દેશના ૬૧ ટકા જિલ્લાઓમાં રહેતા વિદ્યાર્થીઓને ડિજિટલ લર્નિંગ વિશે ઓછું જ્ઞાન હતું. વાસ્તવમાં, આ શાળાઓમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ સુવિધાઓ અને ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવા માટે પ્રશિક્ષિત શિક્ષકોની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે હતું.શિક્ષણ મંત્રાલયના રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

અહેવાલ મુજબ, ૨૦૧૯-૨૦ માટે ડિસ્ટ્રિક્ટ્સ માટે પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ દર્શાવે છે કે, દેશભરની શાળાઓએ ડિજિટલ લર્નિંગની શ્રેણી હેઠળ ખરાબ પ્રદર્શન કર્યું છે. આ ઈન્ડેક્સ બનાવતી વખતે ધ્યાનમાં લેવામાં આવેલા અન્ય પરિમાણોની તુલનામાં આ શ્રેણીની શાળાઓએ સૌથી ઓછો સ્કોર મેળવ્યો છે. ઈન્ડેક્સમાં ૧૮૦ જિલ્લાઓએ ડિજિટલ લર્નિંગ કેટેગરીમાં ૧૦ ટકાથી ઓછો સ્કોર મેળવ્યો છે. ૧૪૬ જિલ્લા એવા હતા કે જેમણે ૧૧ થી ૨૦ ટકા વચ્ચે સ્કોર કર્યો હતો. જ્યારે ૧૨૫ જિલ્લાઓએ ૨૧ થી ૩૦ ટકાની વચ્ચે સ્કોર કર્યો છે.

શિક્ષણ મંત્રાલયના આ રિપોર્ટ પરથી ડિજિટલ લર્નિંગના ક્ષેત્રમાં ગ્રામીણ-શહેરી વિભાજન પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે, ચંદીગઢ અને દિલ્હી જેવા શહેરોના જિલ્લાઓએ ૫૦ માંથી ૨૫ અને ૩૫ની વચ્ચે સ્કોર કર્યો છે. બીજી તરફ બિહારના અરરિયા અને કિશનગંજ જેવા જિલ્લાઓએ ૨ કરતા ઓછો સ્કોર કર્યો છે. આસામના દક્ષિણ સલમારા-માનકાચર અને ત્રિપુરાના ધલાઈ જેવા પછાત જિલ્લાઓએ ૫૦ માંથી ૧ અંક મેળવ્યા છે. કોમ્પ્યુટર/લેપટોપ ધરાવતી શાળાઓની સંખ્યા, ઈન્ટરનેટ સુવિધા, વિદ્યાર્થી-કોમ્પ્યુટર ગુણોત્તર અને કોમ્પ્યુટર દ્વારા શીખવવા માટે પ્રશિક્ષિત શિક્ષકોની ટકાવારીના આધારે ડીજીટલ લર્નિંગ પર જિલ્લાવાર કામગીરી તૈયાર કરવામાં આવી હતી.

તેનાથી વિપરિત, શિક્ષણ પછીના પરિણામોના સંદર્ભમાં કોઈપણ જિલ્લાએ ૧૦ ટકાથી ઓછો સ્કોર કર્યો નથી. ૧૨ જિલ્લાઓએ ૧૧ થી ૨૦ ટકાની વચ્ચે જ્યારે ૩૦૯ જિલ્લાઓએ ૫૧ થી ૬૦ ટકાની વચ્ચે સ્કોર કર્યો હતો. કેન્દ્રએ જૂન ૨૦૨૧માં વર્ષ ૨૦૧૯-૨૦ માટે રાજ્યવાર પીજીઆઈ ઈન્ડેક્સ જાહેર કર્યો હતો. ઈન્ડેક્સમાં ચંદીગઢ, પંજાબ, તમિલનાડુ અને કેરળ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો હતા. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, કોવિડ-૧૯ રોગચાળાએ ઘરે અભ્યાસ ચાલુ રાખવા માટે મુખ્ય પ્રવાહના શિક્ષણમાં પરિવર્તન તરફ ધ્યાન દોર્યું છે.

## આજે પહેલું જૂથ અમરનાથ રવાના થશે





જમ્મુ,

કોરોનાના કારણે બે વર્ષના અંતરાલ બાદ આ વર્ષે બર્ફાની બાબા અમરનાથની યાત્રા કરવા શ્રદ્ધાળુઓ જમ્મુ પહોંચવા લાગ્યા છે, જયાંથી તેઓ આવતીકાલે અમરનાથ જવા રવાના થશે. અમરનાથ યાત્રા માટે જે લોકો સમયસર રજીસ્ટ્રેશન નથી કરાવી શકયા તેમના માટે તત્કાલ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરાઈ છે. શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ એ છેક અનેક દિવ્યાંગ શ્રદ્ધાળુઓ પણ આ કઠોર યાત્રા કરવા પહોંચ્યા છે. યાત્રાળુઓનું પ્રથમ જૂથ આવતીકાલે બાલ ટાલ અને પહેલગામથી અમરનાથ જવા રવાના થશે. જમ્મુમાં યાત્રી નિવાસ મુખ્ય આધાર શિબિર છે, જયાં પ્રશાસન તરફથી શ્રદ્ધાળુઓ માટે રોકાવાની વ્યવસ્થા છે. સુરક્ષાની દષ્ટિએ આ વખતે શ્રદ્ધાળુઓને રાત્રે બહાર જવાની અનુમતી નથી અપાઈ, એટલે લંગર (ભોજન)ની વ્યવસ્થા યાત્રી નિવાસની અંદર જ કરાઈ છે. જે લોકો સમયસર રજીસ્ટ્રેશન નથી કરાવી શકયા તેઓ માટે તત્કાલ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરાઈ છે. તેઓ જમ્મુ જઈને તત્કાલ રજીસ્ટ્રેશન કરાવી શકશે. યાત્રા માર્ગમાં સુરક્ષાની સમીક્ષા થશે. શ્રદ્ધાળુઓ જ નહીં, શિબિરમાં તૈનાત અધિકારીઓને પણ રેડીયો ફ્રિવન્સી આઈડેન્ટીફીકેશન ડિવાઈસ આરએફઆઈડી ટેગ અપાશે. જેથી તેઓ સંપર્કમાં રહેશે.

## ભારતમાં પાકિસ્તાનના ૪ દૂતાવાસોના ટ્વિટર એકાઉન્ટ બંધ કરી દેવાયા

નવીદિલ્હી,

ભારતમાં પાકિસ્તાનના ચાર દૂતાવાસોના ટ્વિટર એકાઉન્ટને બંધ કરી દેવામાં આવ્યા છે. આરોપ છે કે આ ટ્વિટર હેન્ડલથી ખોટા સમાચાર અને દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. પાકિસ્તાનના તુર્કી, સંયુક્ત રાષ્ટ્ર, ઈરાન અને મિસ્ત્ર સ્થિત દૂતાવાસોના એકાઉન્ટ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. તો જાણવા મળી રહ્યું છે કે અન્ય ટ્વિટર એકાઉન્ટ પર આ પ્રકારની કાર્યવાહી થઈ શકે છે.

પાકિસ્તાન વિદેશ મંત્રાલય તરફથી બે ટ્વીટ કરવામાં આવ્યા, જેમાં ભારતમાં ટ્વિટર દ્વારા ઈરાન, તુર્કી, મિસ્ત્ર અને સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાની દૂતાવાસોના એકાઉન્ટને બંધ કર્યા બાદ તત્લાક પ્રભાવથી તેને શરૂ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનનો દાવો છે કે ઘણા અન્ય એકાઉન્ટને ભારતે બેન કરાવ્યા છે.

આ પ્રથમવાર નથી, જ્યારે પાકિસ્તાનના કોઈ ટ્વિટર એકાઉન્ટને બંધ કરવામાં આવ્યાં છે. આ પહેલાં પણ ટ્વિટરે પાકિસ્તાનમાં રાષ્ટ્રીય સાર્વજનીક પ્રસારક રેડિયો પાકિસ્તાનના એકાઉન્ટને બંધ કરી દીધુ હતું. પાકિસ્તાની દૂતાવાસના ટ્વિટર એકાઉન્ટ ભારત વિરુદ્ધ નફરત ભડકાવી રહ્યાં હતા. હાલમાં થયેલા નૂપુર શર્મા વિવાદમાં પણ તેના ટ્વીટ આવ્યા હતા. ભારતે નફરત ફેલાવનાર ઘણા અન્ય એકાઉન્ટ્સને પણ ભારતમાં પ્રતિબંધિત કરાવ્યા છે.

આ પહેલાં પાકિસ્તાને ઈસ્લામિક દેશોના સંગઠન ઓઆઈસીના બહાને સંયુક્ત રાષ્ટ્રમાં નૂપુર શર્માના પયગંબર પર આપેલા નિવેદનનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના પર ભારતે વળતો જવાબ આપી પાકિસ્તાનની બોલતી બંધ કરી દીધી હતી. ભારતે કહ્યું કે તે સહિષ્ણુતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે અને તમામ ધર્મોનું સન્માન કરે છે. સાથે ભારત કોઈ ધાર્મિક અપમાનના મુદ્દા પર પોતાના કાયદાના આધારે કામ કરે છે. ભારતે પાકિસ્તાન પર હુમલો કરતા બહારની દુનિયાથી ભેદભાવ પેદા કરવા માટે ઈરાદાપૂર્વક કરવામાં આવી રહેલા વિરોધને નકારી દીધો હતો.

## અરબ સાગરમાં ONGCના હેલિકોપ્ટરની ઈમરજન્સી લેન્ડિંગ, તમામ ૯ લોકોનું રેસ્ક્યુ

મુંબઈ,

ઓએનજીસીના હેલિકોપ્ટરનું મુંબઈ નજીક અરબી સમુદ્રમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. મુંબઈ હાઈ ખાતે ઓએનજીસીના સાગર કિરણ પાસે આ ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું. ભારતીય તટરક્ષક દળના જણાવ્યા અનુસાર હવે આ ઘટનામાં તમામ ૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અગાઉ ઓએનજીસીએ ટ્વીટ કર્યું હતું કે હેલિકોપ્ટરમાં ૭ મુસાફરો અને ૨ પાયલોટ સવાર હતા. મુસાફરોને બચાવવા માટે કોસ્ટ ગાર્ડના વિમાનોમાંથી લાઈફ રાફ્ટ્સ પણ છોડવામાં આવ્યા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડે રાહત અને બચાવ માટે ભારતીય નૌકાદળ અને ઓએનજીસી સાથે સંકલન કર્યું.

રાહત અને બચાવ માટે ભારતીય કોસ્ટ ગાર્ડે તેના બે જહાજો ઘટનાસ્થળે રવાના કર્યા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રોનિયર એરક્રાફટમાંથી સ્થળની નજીક એક લાઈફ રાફટ પણ નીચે પડી ગયું હતું. આ વિમાન દમણથી મોકલવામાં આવ્યું હતું. જ્યાં આ દુર્ઘટના થઈ તે સ્થળ મુંબઈના કિનારેથી અરબી સમુદ્રના ૭ નોટિકલ માઈલની અંદર છે.

ઓએનજીસીના જહાજ માલવિયા-૧૬માંથી ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે પાંચમાને ઓએનજીસીની રીગ સાગર કિરણની રેસ્ક્યુ બોટમાંથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હોવાનું કહેવાય છે. આ ઘટના બાદ મુંબઈમાં મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર દ્વારા ઈન્ટરનેશનલ સેફ્ટી નેટ પણ સક્રિય કરવામાં આવી હતી. ઓએનજીસી મુંબઈ તરફથી જ ઑફશોર સપ્લાય જહાજ માલવિયા-૧૬ બચાવ કામગીરી માટે મોકલવામાં આવ્યું હતું.

હેલિકોપ્ટરમાં ઓએનજીસીના ૬ કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટર માટે કામ કરનાર એક વ્યક્તિ સવાર હતા. ઈમરજન્સી લેન્ડિંગ માટે, હેલિકોપ્ટરને ફ્લોટર્સનો ઉપયોગ કરવો પડ્યો હતો, જેનો ઉપયોગ આ સ્થળોએ ચાલતા ચોપર અને હેલિકોપ્ટરમાં થાય છે.

## મોદી સરકારે ૧ જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે પર્યાવરણને બચાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. મોદી સરકારે ૧ જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે આજે જાહેરાત કરી છે કે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવશે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના ગેરકાયદે ઉત્પાદન, આયાત, સંગ્રહ, વિતરણ અને વેચાણની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવશે. પર્યાવરણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ વાત કહેવામાં આવી છે.

મંત્રાલયે કહ્યું કે રાજ્યોને કહેવામાં આવ્યું છે કે સિંગલ યુઝ પ્લાસ્ટિક એક રાજયમાંથી બીજા રાજ્યમાં મોકલવામાં આવશે નહીં. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "સિંગલ યુઝ પ્લાસ્ટિક પર્યાવરણ પર નકારાત્મક અસર કરે છે." દરિયાઈ પ્રકૃતિ પણ આનાથી પ્રભાવિત છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના કારણે વધતું પ્રદૂષણ માત્ર ભારત માટે જ નહીં પરંતુ ઘણા દેશો માટે પડકાર બની રહ્યું છે.

પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક વસ્તુઓની યાદી નીચે મુજબ છે—પ્લાસ્ટિકની લાકડીઓ, ફુગ્ગાઓની પ્લાસ્ટિકની લાકડીઓ, પ્લાસ્ટિકના ધ્વજ, મીઠાઈની સ્ટિક, આઈસ્ક્રીમની સ્ટિક, ડેકોરેશન માટે થર્મોકોલ, પ્લાસ્ટિકની પ્લેટો, કપ, ગ્લાસ, મીઠાઈના બોક્સ પર લપેટી. પારદર્શક પ્લાસ્ટિક, પ્લાસ્ટિકના ચમચી, છરીઓ, સ્ટ્રો, ટ્રે, આમંત્રણ કાર્ડ, સિગારેટના પેકેટ્સ, ૧૦૦ માઈક્રોનથી નીચેના પીવીસી બેનરો.

સરકારે ઘણી વખત પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેની જમીન પર વધુ અસર જોવા મળી નથી. નાના વેપારીઓ પણ તેનો વિરોધ કરવા લાગ્યા. સરકારના આ નિર્ણયથી લગભગ ૧ લાખ નાના એકમો બંધ થઈ જશે.

## ભારતીય રૂપિયાનું ડૉલર સામે ફરી ધોવાણ, ૨૨ પૈસા તૂટીને સૌથી નીચી સપાટીએ પહોંચ્યો

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર સામે ભારતીય રૂપિયાનું ધોવાણ ચાલુ જ છે અને મંગળવારે તેમાં વધારે ઘસારો જોવા મળ્યો હતો. મંગળવારે રૂપિયો ડૉલર સામે ૨૨ પૈસા તુટીને સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો છે. માત્ર બે જ દિવસમાં રૂપિયામાં ૨૬ પૈસાનું ધોવાણ થયું છે. સોમવારે ભારતીય રૂપિયો ૪ પૈસા નીચે આવ્યો હતો. ભારતીય રૂપિયો મંગળવારે ૨૨ પૈસા ઘટીને તેના સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો.

સપ્તાહના બીજા કારોબારી દિવસે રૂપિયો ડૉલરની સરખામણીએ ૭૮.૫૯ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે. આ પહેલા સોમવારે ડૉલર સામે રૂપિયો રેકોર્ડ સ્તરે બંધ થયો હતો. સોમવારે ટ્રેડિંગ દરમિયાન રૂપિયો ૪ પૈસા ઘટીને રેકોર્ડ ૭૮.૩૭ની સપાટીએ બંધ રહ્યો હતો. આવી સ્થિતિમાં રૂપિયો છેલ્લા બે ટ્રેડિંગ સેશનથી સૌથી નીચા સ્તરે પહોંચી રહ્યો છે.

મંગળવારે બજાર ખુલતાની સાથે જ રૂપિયો રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠે છે કે, રૂપિયામાં નબળાઈનું કારણ શું છે? હકીકતમાં, વિદેશી ભંડોળ સતત ઉપાડવામાં આવી રહ્યું છે. વિદેશી દેશોમાં ડૉલરમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. આ જ કારણ છે કે ડૉલર સામે રૂપિયો તેના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. મહેતા ઈક્વિટીઝ લિમિટેડના વીપી કોમોડિટીઝ રાહુલ કલંત્રીએ જણાવ્યું હતું કે, સ્થાનિક બજારોમાં એફઆઈઆઈ દ્વારા સતત વેચવાલી પણ રૂપિયા પર દબાણ લાવી રહી છે. કલંત્રીના જણાવ્યા અનુસાર, રશિયા પર વધુ આર્થિક પ્રતિબંધો વૈશ્વિક ઉર્જાના ભાવમાં વધારો કરી શકે છે અને ઉભરતા બજારની કરન્સી પર દબાણ લાવી શકે છે. કલંત્રીએ કહ્યું કે, અમને આશા છે કે આ અઠવાડિયે રૂપિયો અસ્થિર રહેશે અને તે ૭૮.૫૫ના સ્તરને પાર કરી શકે છે.

ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧.૨૦ ટકા વધીને ૧૧૬.૪૭ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચ્યું કારણ કે શેરબજારમાં સતત ઘટાડો ચાલુ રહ્યો હતો. સ્થાનિક ઈક્વિટી માર્કેટ મોરચે, ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૧૪.૮૮ પોઈન્ટ ઘટીને ૫૨,૮૪૬.૪૦ પર ટ્રેડ કરી રહ્યો હતો, જ્યારે NSE નિફ્ટી ૧૦૧.૭૫ પોઈન્ટ પર ટ્રેડ કરી રહ્યો હતો. સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો સોમવારે મૂડીબજાર નેટ સેલિંગ કર્યું હતું અને તેમણે ૧,૨૭૮.૪૨ કરોડના શેરો વેચી દીધા હતા.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કંજેટા લેમ્પસ મંડળી

તરફથી અભીનંદન....

મુ. પાનમ શાખા,
તા. ધાનપુર,
જી. દાહોદ

શહેરા નગરપાલિકા

જાહેર નિવિદા

ટેન્ડર નોટીસ નં.૦૨, વર્ષ ૨૦૨૨-૨૩

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વાર ૧૫ % વિવેકાધિન જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૩ ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં સી.સી. રસ્તાના તથા ગટરના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ અનુક્રમે રૂા.૭,૮૪,૩૧૪.૦૦ છે.

ટેન્ડર તા.૦૮/૦૭/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે, તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૩/૦૭/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

માહિતી/ગોધરા/૨૮૨/૨૦૨૨

શહેરા નગરપાલિકા

# મહીસાગર જિલ્લામાં દિનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) અંતર્ગત કેશ ક્રેડીટ કેમ્પ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં દિનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્ય કક્ષા મંત્રી આર.સી.મકવાણાના અદયક્ષ સ્થાને લુણાવાડા ૪૨ પાટીદાર સમાજઘર ખાતે કેશ ક્રેડીટ કેમ્પ યોજાયો.

રાજ્ય મંત્રી મકવાણા એ જણાવ્યુ હતું કે, રાજય સરકાર બહેનોની સતત ચિંતા કરે છે. બહેનોને આર્થિક રીતે પગભર કરવા માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આજે તમામ ક્ષેત્રોમાં બહેનો પ્રથમ હરોળમાં જોવા મળે છે. બહેનોમાં શિક્ષણનો વ્યાપ ખુબજ વધ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બહેનો પોતાના આરોગ્ય સાથે સન્માનથી જીવી શકે તે માટે રાજય સરકાર દ્વારા બહેનોને ચુલા માથી નીકળતા ધુમાડાથી મુક્તી આપી ઉજવલ્લા યોજના થકી સગડી અને ગેસ આપવામાં આવ્યા. બહેનોને દુર-દુર થી પાણી લાવાની સમસ્યા દુર કરવા માટે નળ સે જળ યોજના ચાલુ કરવામાં આવી. સાથે ખુલ્લામાં શૌચ મુક્ત ભારત અભિયાન અંતર્ગત તમામ કુટુંબોને શૌચાલય આપવામાં આવ્યા છે. ત્યારે રાજ્ય સરકારે મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેનો લાભ લેવા અપીલ કરી હતી.

મહિસાગર જિલ્લા પંચાયત પ્રમુખ રમિલાબેન ડામોરે જણાવ્યુ કે, સરકરની નાની-મોટી યોજનાનો લાભ લેવા અપીલ કરાતા મહિલાઓની વાત આવે એટલે તેમના હાથમાં ઘરની બધી વ્યવસ્થા હોય, ગ્રામીણ બહેનોની મુશ્કેલીઓને જાણી, સમજી અને એનું નિરાકરણ લાવવાના સફળ પ્રયાસો રાજ્ય સરકાર કરી રહી છે.

ગ્રામ્ય વિસ્તારમાં બહેનો સખી મંડળો અને સ્વ સહાય જૂથ બનાવીને પગભર બની છે. પોતે સંચાલન કરીને અન્યને આ મંડળમાં સામેલ કરીને સેવાના કાર્યો સાથે સરકારની યોજનાઓના લાભ ગામડાની દરેક બહેનો સુધી પહોંચાડતી થઇ છે.

આ કેમ્પમાં મહાનુભાવોના હસ્તે ૧૦૮ સ્વસહાય જુથોને રૂ.૧૨૬.૬૧લાખ કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, ૧૧૧સ્વસહાય જુથોને રૂ.૭૦.૬૦લાખ રિવોલ્વિંગ ફંડ૨૧૨સ્વસહાય જુથોને રૂ.૨૦૬.૦૫લાખની બેન્ક લોનની મંજૂરી,૧૨૩સ્વસહાય જુથોને રૂ૧૧૬.૩૫લાખની બેન્ક લોનની મંજૂરી મળી કુલ ૪૩૧ સ્વસહાય જુથોને રૂ૪૦૩.૨૬લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનાર બેંક સખી-બી.સી. સખી અને સ્વસહાયજુથોનું સન્માન કરવામાં આવ્યા હતું તેમજ સ્વસહાય જુથોને સી.આઇ.એફ.,આર.એફ અને લોન મંજરી પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી કે ડી લાખાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જે કે જાદવ, પૂર્વ મહિલા આયોગ ચેરમેન લીલાબેન અંકોલીયા, અગ્રણી દશરથસિંહ બારીયા, રાવજીભાઈ પટેલ, પ્રાંત અધિકારી એ કે ગૌતમ સહીત અનેક મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યી હતી.

# સંતરામપુર નગરમાં જીઓ કેબલ માટે ખોદકામને લઈ ટ્રેકટર ફસાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં જીયોની કેબલ નાખવાની લાઈન નાખતા ટેકટર ફસાયુ સંતરામપુર નગરમાં ગત વર્ષે જૂન મહિનામાં રિલાયન્સ પેટ્રોલ પંપ માંડવી ચાર રસ્તા સુધી આશરે રૂપિયા ૨૮ લાખના ખર્ચે નવો રોડ બનાવવામાં આવેલો હતો. એક જ વર્ષમાં આખો રોડ તોડી નાખવામાં આવેલ હતો અને એક જ વર્ષમાં રોડની કામગીરીમાં હલકી ગુણવત્તા હોવાના કારણે રોડ પર તૂટી ગયો હતો. સરકારના એક જ વરસ મારો બનાવેલા ૨૮ લાખ રૂપિયા પાણીમાં ગયા આ રીતે આવી કામગીરી નગરમાં અનેક સવાલો ઉભા થયા છે અને ચર્ચ આવેલું હતું. જ્યારે બીજી બાજુ બેરોક્ટોક વગર જીઓ કંપનીના કેબલ નાખવા માટે કામગીરી હાથ ધરવા માટેઆખો રોડ ખોદી નાખવામાં આવેલો હતો. છેલ્લા ૧૫ દિવસથી રાહદારીઓ અને સ્થાનિક રહીશો હાલાકી ભોગવી રહેલા છે. કામગીરીમાં વેઠ ઉતારેલી છે. રોજિંદા વાહનચાલકો અવર જવર કરતા પસાર થતાં મુશ્કેલી વધી રહ્યા છીએ કોઈ પણ તંત્રની મંજૂરી વિના રૂપિયા ૨૮ લાખના ખર્ચાને રોડને તોડી નાખવામાં આવ્યો. પરંતુ તંત્ર ચૂપ કેમ અને આ રોડની બનાવવામાં આવેલી યોગ્ય ખાતાકીય તપાસ પણ થવી જોઈએ આ રોડની અંદર યોગ્ય કામગીરી કરવામાં આવેલી નથી. ખરેખર બનાવેલા રોડની કામગીરીમાં તપાસનો વિષય બન્યો.

# જાંબુડી ગામના યુવાનની હત્યાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલતી હાલોલ પોલીસ




હાલોલ,
હાલોલ જાબુડી ગામે ગુજરાતી શાળા ની બાજુએ રહેતા નાયક પરીવારના યુવાનને જમીન વેચવા બાબતનો ઝઘડો કરી લાકડીના ફટકા મારી મોતને ઘાટ ઉતારનાર આરોપીને હાલોલ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધો.

હાલોલ જાબુડી ગામે ગુજરાતી પ્રાથમિક શાળાની બાજુએ રહેતા પારસિંગભાઈ નર્સિંગભાઈ નાયક તેઓ તેમની દીકરી મંજુલા બેનના ઘરે ગયા હતા ત્યારબાદ તેમનો પુત્ર મરણ જનાર વિણુભાઈ પારસિંગભાઈ નાયક ઘરે હતા તે દરમ્યાન સામે પક્ષના ખુની આરોપીએ જમીન વેચવા બાબતનો જઘડો કરી જોહીતભાઈ મનુભાઈ ઉર્ફે લાલો નાયક નાઓએ લાકડી લઈ જઘડો તકરાર કરી મરણ જનાર વિણુભાઈ પારસિંગભાઈ નાયક નાઓને માથાના ભાગે બરડાના ભાગે લાકડીના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દેતા. મરણ જનારના પિતા પારસિંગભાઈ નર્સિંગભાઈ નાયક નાઓને જાણ થતા તાત્કાલિક હાલોલ જાંબુડી પહોચી તપાસ કરતા તેમના પુત્રનુ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ હતુ. જેઓએ હાલોલ રેફરલ હોસ્પિટલ લાવેલ. ત્યારબાદ ડોક્ટરે મ્રુતક જાહેર કરતા પારસિંગભાઈ નર્સિંગભાઈ નાયક મ્રુતકના પીતાએ હાલોલ પોલીસ સ્ટેશન જઘડો તકરાર કરનાર આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોધાવતા હાલોલ પોલીસે તાત્કાલિક જાંબુડી પહોંચી ગણતરીના કંલાકોમાજ આરોપીને પકડી અલગ અલગ કલમો મુજબ ગુનો રજીસ્ટર કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ.

# હાલોલના વોર્ડ નં.૯ વિસ્તારમાં વરસાદને લઈ કાદવ કીચડ થતાં લોકો પરેશાન



હાલોલ,
હાલોલ પંથકમાં છેલ્લા બે દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડતા વોર્ડ નંબર ૯ વિસ્તારમાં વરસાદી પાણીને લઈ અસહ્ય કાદવ કીચડ થઈ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. તંત્ર વહેલી તકે જરૂરી પગલાં ભરી કિચડ હટાવી રસ્તાની મરામત કરાવે તે પણ જરૂરી બન્યું છે. જ્યારે સામાન્ય વરસાદી પાણીના લીધે આ વિસ્તારના અવરજવર કરતાં રહીશો અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે હાલોલ વડોદરા રોડ પરથી લીમડી ફળિયા અને જૈન મંદિર તરફ જવાના રસ્તા પર અસહ્ય ગંદકીથી અવરજવર કરનારા લોકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

# દરિયામાં લો-પ્રેશર સર્જાવાથી પવનની ગતિ વધવાની શક્યતા, માછીમારોને પાંચ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના



ગાંધીનગર,
ગુજરાતમાં ચોમાસુ જામી રહ્યું છે. રાજયના અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૩૦ જૂનથી ફરી ધોધમાર વરસાદનો રાઉન્ડ શરૂ થશે. પહેલી જુલાઈ રથયાત્રાના દિવસે પણ રાજ્યમાં ધોધમાર વરસાદ રહેશે.હાલ રાજસ્થાન, અરબ સાગર તથા મધ્ય પ્રદેશમાં સક્રિય થયેલી સિસ્ટમના કારણે ગુજરાતના દરિયામાં લો-પ્રેશર સર્જાયું અને દરિયાકાંઠે પવનની ગતિમાં વધારો થઈ શકે છે. ત્યારે મિની વાવાઝોડા જેવી સ્થિતિની આશંકા ગુજરાતના દરિયાકાંઠે સેવાઇ રહી છે. જેથી ગુજરાતના તમામ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયું છે. ત્યાં જ અહીં ૩૦ થી ૪૦ કિમીની ઝડપથી પવન ફૂંકાઈ શકે છે જેથી માછીમારોને દરિયો ન ખેડવા માટે ચેતવણી અપાઇ છે.

ગુજરાતના દરિયામાં લો-પ્રેશર સર્જાયું છે અને દરિયાકાંઠે પવનની ગતિમાં વધારો થઈ શકે છે. અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને જૂનાગઢમાં ભારે વરસાદની સંભાવના સેવાઇ રહી છે. ત્યાં જ જખૌ, માંડવી પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયું છે. મુંદ્રા, નવલખી, બેડી, દ્વારકા, ઓખા, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદ, પીપાવાવ, ભાવનગર, દહેજ, ભરૂચમાં ૩ નંબર સિગ્નલ લગાવાયું છે.ત્યાં જ હાલમાં વલસાડમાં દરિયો તોફાની બન્યો છે. દરિયામાં ઊંચા તોતિંગ મોજા ઉછળી રહ્યા છે. સલામતીના ભાગરૂપે વલસાડ જિલ્લા પોલીસ વિભાગે લોકોને દરિયા કિનારાથી દૂર રહેવાના સૂચના આપી છે.

માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.આજથી પહેલી જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી અપાઇ છે. ત્યાં જ ૩ જિલ્લામાં આજે અતિભારે વરસાદ પડી શકે છે. બીજી તરફ ૧૧ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, સુરત, વલસાડ, નવસારીમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી કરાઇ છે. દાહોદ, છોટાઉદેપુરમાં ભારે વરસાદની આગાહી અપાઇ છે. ભરૂચ, ડાંગ, તાપીમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજયમાં ચોમાસુ આગળ વધી રહ્યું છે, જેને કારણે આગામી ૫ જુલાઈ સુધી અમદાવાદ સહિત રાજ્યમાં ઝાપટાંથી માંડી ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિશેષજ્ઞ અંકિત પટેલના જણાવ્યા મુજબ રાજ્યમાં ચોમાસુ આગળ વધી રહ્યું છે, જેને કારણે ૫ જુલાઇ સુધીમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાથી હળવો વરસાદ પડશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે જ્યારે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદી ઝાપટાથી લઈને હળવો વરસાદ પડવાની શક્યતા હોવાથી ગરમી અને બફારાથી રાહત મળે તેવા સંકેતો પ્રાપ્ત થયાં છે.

# મહીસાગર જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૩૦ દિવસીય નિવાસી તાલીમવર્ગ સંરક્ષણદળની તાલીમ વર્ગનું આયોજન

લુણાવાડા,
જીલ્લા રોજગાર કચેરી મહીસાગર લુણાવાડા દ્વારા ૩૦ દિવસીય નિવાસી તાલીમવર્ગ સંરક્ષણદળની પૂર્વ તૈયારી માટે તાલીમ વર્ગનું આયોજન અગામી માસમાં કરવાનું છે. ફક્ત પુરૂષ ઉમેદવારો જે નિવાસી તાલીમ લેવા ઈચ્છતા હોઈ તેઓએ વધુ માહિતી અને અરજી પત્રક ભરવા જીલ્લા રોજગાર કચેરી મહીસાગર,લુણાવાડા જીલ્લા સેવા સદન રૂમ નં-૨૨૨/૨૨૩ બીજે માળ વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવારોને આ યોજના હેઠળ આર્મીની વય મર્યાદા/લાયકાત અનુસાર નિવાસી તાલીમ વર્ગમાં પ્રવેશ મળશે તથા જે ઉમેદવારો સદર તાલીમ વર્ગમાં જોડાશે તેમને તેમની હાજરીના પ્રમાણમાં વધુમાં વધુ રૂ.૩૦૦૦/- સ્ટાઈફંડ આપવામાં આવશે. ઉમેદવારે આધાર કાર્ડ, બેંક પાસબુક, ડોમીસાઈલ સર્ટીફીકેટ, લીવીંગ સર્ટીફીકેટ, ધો ૧૦,૧૨ ની માર્કશીટ, ફોટા-૨, જાતિનો દાખલો (જાતિમાં આવતા હોઈ તો), અને એન સી સી સર્ટીફીકેટ (જો હોઈ તો)ના દસ્તાવેજ લાવવાના રહેશે.

વધુમાં રોજગાર કચેરીના ફેસબુક ઉપર પણ નિવાસી તાલીમ વર્ગની માહિતી મળી શકશે.તેમ રોજગાર અધિકારી(જન) મહીસાગરની એક યાદી દ્વારા જણાવ્યુ છે.

# મહીસાગર જિલ્લામાં તા.૨૬મીના રોજ યોજાયેલ વર્ષ-૨૦૨૨ની નેશનલ લોક-અદાલત સફળતા પૂર્વક સંપન્ન

લુણાવાડા,
ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા, અમદાવાદના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લા ન્યાયાલય તથા તાલુકાની કોર્ટો દ્વારા વર્ષ-૨૦૨૨ની નેશનલ લોક અદાલત તા.૨૬મીના રોજ સફળતાપૂર્વક યોજાઇ ગઇ.

આ નેશનલ લોક અદાલતમાં ૩૭૩ કેસોનો સમાધાન દ્વારા સુખદ નિકાલ કરવામાં આવ્યો તથા તે જ દિવસે યોજાયેલ સ્પેશ્યલ સિટિંગમાં ફૂલ ૧૩૪૩ કેસોનો નિકાલ કરવામાં આવેલ હતા. નેશનલ લોક અદાલત અન્વયે પ્રી લીટીગેશનના કેસો જીલ્લાની વિવિધ બેકો દ્વારા મુક્વામાં આવેલ જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, બેક ઓફ ઈન્ડીયા, યુનીયન બેક ઓફ ઈન્ડીયા, બરોડા ગુજરાત ગ્રામીણ બેક, એમ.જી.વી.સી.એલ.ના કેસો મુકવામાં આવેલ કેસોમાં ફૂલ ૯૩૯ કેસોનો નિકાલ થયેલ આમ કેસોનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યુંહોવાનુંજિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેનની એક યાદી દ્વારા જણાવ્યુંછે.

# બી. ફાર્મસી કોલેજ, રામપુરા દ્વારા ઓનલાઇન IPR AWARENESS POGRAMMEનું આયોજન કર્યુ

ગોધરા,
નુતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ, રામપુરાના IQACCELLA અને KAPILA-NIPAMના સહયોગ દ્વારા ઓનલાઇન IPR AWARENESS POGRAMME નું ૨૭ જૂન ૨૦૨૨ ના રોજ આયોજન કરાયું હતું. જેમાં કોલેજના અને અન્ય કોલેજના ૨૩૦ જેટલા પાર્ટીસિપંતે ભાગ લીધો હતો. જેમાં એક્સામિનરઓફ પેટન્ટ ડિજાઇન, પેટન્ટ ઓફિસ, મુંબઇ થીઅર્પિત જૈન મૂખ્ય સ્પીકર હતાં.પ્રોગ્રામ કોડીનેટર ડો. કિંજલ શાહ,પ્રિન્સિપાલ ડો. એમ.બી. શંકર,વાઇસ પ્રિન્સિપાલ ડો.સુરેશ જૈન તથા સ્ટાફ નું યોગદાન છે.

# અમદાવાદ ખાતે ખેતી બેંક ૭૦મી વાર્ષિક સભામાં પંચમહાલના ભરત બારીયા અને ટીમ દ્વારા માતાજીની આરતી પ્રસ્તૃતી



ગોધરા,
અમદાવાદ ખાતે પંડીત દિનદયાળ ઉપાધ્યાય હોલ અમદાવાદ ખાતે ''ખેતી બેંક ૭૦માં વાર્ષિક સભામાં'' ભારતના ગૃહમંત્રી અમીતભાઈ શાહ લાઈવ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, બેંકનાં ચેરમેન કોલરભાઈ કોટેચા, ડાયરેક્ટર કે.બી. ઉપાદ્યાય, દિલિપભાઈ સંઘાણી, તેમજ અનેક અગ્રણીઓની હાજરીમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ અને હાલોલ પંચમહાલ તથા ગુજરાતનું ગૌરવ એવા ભરત બારીયા અને અક્ષય પટેલ તથા તેમની નૃત્યાવલી ટીમ દ્વારા અદ્ભૂત રીતે માં ભૂમીની આરતીની પ્રસ્તુતિ કરી હતી. આજ દિન સુધી ધરતીની આરતી બહુંજ ઓછા કલાકારોએ કરી હશે. ધરતીની આરતી રજુ કરી ત્યારે અહીંયા ઉપસ્થિત હજારો ખેડૂતો ગદગદ થઈ ગયા હતા . એટલું જ નહીં . ભારતના ગૃહમંત્રી અમીતભાઈ શાહ લાઈવ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. અને ભાજપા પ્રમુખ સી.આર. પાટીલનુ મન હર્ષ ક્યાંય માતો નહોતો અને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ બેંકનાં ચેરમેન દ્વારા પણ નમન કરીને વંદન કર્યા હતા. જે ધરતીનાં સાચાં કલાકારો આપણી ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતા રહે તેવા ખૂબ ખૂબ અભિનંદન સૌ ઉપસ્થિત લોકોએ પાઠવ્યા હતા.

# સમાજ સુરક્ષા કચેરી ગોધરા તરફથી વિશ્વ નશામુકિત દિવસની કરવામાં આવી ઉજવણી

ગોધરા,
જીલ્લા સમાજ સુરક્ષા કચેરી પંચમહાલ દ્વારા ૨૬ જુનને "International day of Drug abuse and Illicit Trafficking" દિનની અત્રેના જીલ્લામાં લોકોમાં નશા નાબુદી અંગે જાગૃતિ આવે તે હેતુસર એમ.આર.હાઈસ્કુલ, અડાદરા તા.કાલોલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા બાળ સુરક્ષા કચેરીના કર્મચારીઓની હાજરીમાં સેમિનાર યોજી ઉજવણી કરવામાં આવી હતી. સદર સેમિનારમાં આજકાલ યુવાનોમાં અને બાળકોમાં નશાકારક પદાર્થોનુ સેવન કરવાની પ્રવૃતિ ખુબ ચાલી રહેલ છે. આ નશાકારક પદાર્થ પાન બીડી, તંબાકુ, ગુટખા, દારૂના સેવનથી વ્યકિતના શારિરીક, માનસિક, આર્થિક,સામાજીક અને કાયદાકીય રીતે કેટલુ નુકશાન થાય છે અને તેના કેવા ખરાબ પરિણામ આવી શકે છે અને માનસિક સ્વાસ્થ્ય અને શારિરીક સ્વાસ્થ્ય ઉપર થયેલ અસરોની સારવાર કેવી રીતે થઇ શકે તેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સમાજ સુરક્ષા કચેરી તરફથી ઘોઘંબા તાલુકાના પરોલી ગામ ખાતે તથા સમાજ સુરક્ષા કચેરીની સંસ્થાઓ બહેરા મુંગાની શાળા, માનસિક ક્ષતિવાળા કુમારોની શાળા, ચિલ્ડ્રન હોમ તથા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે લોકોમાં નશામુકિત અંગે જાગૃતિ આવે તે હેતુથી નશામુકિતની શપથો લેવામાં આવી હતી. તેવું જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગોધરા જી.પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# આપની આજ.......

મેષ : આજે તમે ભાગ્યશાળી થશો. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. ખર્ચા પર નિયંત્રણ રાખવું મહત્વપૂર્ણ છે. વિવિધ ક્ષેત્રે વેપાર અને વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની વિશ્વસનિયતામાં વધારો થશે.

વૃષભ : આજે તમને અજાણ્યા લોકોનો સહયોગ મળી શકે છે. સખત મહેનત જરૂરી છે, તેનાથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. તમારા માટે સક્રિય થયેલા વિરોધીઓ પણ પરાજિત થશે. તમને નિર્માણ કાર્યની જરૂરિયાત લાગશે. કોઈ સારા સમાચાર તમારા ઉત્સાહમાં વધારો કરશે.

મિથુન : લાભકારક સમય છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. મુશ્કેલીઓ સમાપ્ત થશે અને વિરોધી લોકો પણ પરાજિત થશે. બહારના ખોરાક અને પીણાથી દૂર રહેવાની સલાહ આપું છુ. નાણાકીય કારણોસર જીવન સાથીથી અંતર રહેશે, પરંતુ પ્રેમ યથાવત્ રહેશે.

કર્ક : આજે તમે આર્થિક મામલે ચિંતા કરી શકો છો. પારિવારિક બાબતો અંગે પણ તમે મૂંઝવણમાં રહેશો. અતિશય ઉત્સાહ અને અજાણતાં પગલાં કામ બગાડી શકે છે. સારો સંદેશ પણ આવશે અને જૂના મિત્રોને મળશો. બિનજરૂરી શંકાઓથી બચો. ખોટી રીતે પૈસા કમાશો નહીં, ફાયદાને બદલે નુકસાન થશે.

સિંહ : તહેવારોમાં ભાગ લેવાની તક મળશે પણ સામાજિક અંતરને ધ્યાનમાં રાખજો. તંદુરસ્ત ખોરાક લો, નિરાશાને તમારા મગજમાં ફેલાવા ના દેશો. સારા સમાચાર આવતા રહેશે, તેથી જે કાર્ય થવાની અપેક્ષા છે તે કરો. બાળક વિશે થોડી ચિંતા કરશો, પરંતુ સમજદારીપૂર્વક કામ કરો.

કન્યા : આજે તમારે પારિવારિક જીવનમાં સમન્વય વધારવો પડશે, મુશ્કેલીઓ આવી શકે છે. જોકે, આજે તમારું સન્માન પણ વધશે અને તમને અનપેક્ષિત લાભ પણ મળશે. વ્યવહારમાં સાવધાની રાખવી. તમારી ક્રિયાઓનો વિરોધ કરવામાં આવશે. પારિવારિક સમસ્યાઓ અંગે કોઈ ખોટો નિર્ણય લેવાનું મુશ્કેલ રહેશે.

તુલા : કોઈના પર શંકાથી સમય અને પૈસાનું નુકસાન થશે. આયોજિત કાર્યક્રમો પણ સફળ થશે અને આર્થિક લાભ પણ મળશે. પૂર્વજો તરફથી લાભની આશા રહેશે. કોઈ જૂના મિત્રનું આગમન કૌટુંબિક વ્યસ્તતામાં વધારો કરશે.

વૃશ્ચિક : મહેનત પછી ઈચ્છિત લાભ થશે, કામ સ્થગિત કરવાનું ટાળો. તમારે પણ ઘણી મુસાફરી કરવી પડી શકે છે, પરંતુ જો શક્ય હોય તો તેને ટાળો. તમારે કેટલાક અધૂરા કાર્યો સાથે કામ કરવું પડશે. સુખ અને દુઃખને સમાન ગણવું, બધું નસીબ પર છોડી દો.

ધન : બહાદુરી અને પ્રયત્નોની યોજના બનશે અને મિત્રોનો સહયોગ રહેશે. કોઈપણ કાયમી મિલકતના કૌટુંબિક વિવાદનું સમાધાન કરવું જરૂરી રહેશે.

મકર : દંપતિની ખુશીમાં વધારો થશે. જટિલ કાર્યો ઉકેલાશે અને નફાકારક સાહસ ચલાવાશે. માનસિક ગૂંચવણોને કારણે માથાનો દુઃખાવો થવાની સમસ્યા રહેશે અથવા સંતાન પક્ષની ચિંતા રહેશે. પડોશીઓને કારણે થોડી મુશ્કેલીઓ આવી શકે છે.

કુંભ : કાર્યક્ષેત્રમાં તમારી ધાક રહેશે અને એક પછી એક કેસ ઉકેલાશે. પેટ અને આંખોના દુઃખાવાના કારણે આરોગ્ય પર અસર થશે જેના કારણે કાર્યક્ષેત્રમાં અસ્થિરતા રહેશે. સમયને અનુસરીને તમે પ્રગતિ કરશો, નહીં તો સમય તમને પાછળ છોડી દેશે.

મીન : વાહન અને રહેવા સંબંધિત સમસ્યા થઈ શકે છે. શુભ સંદેશના આગમનથી ઉત્સાહ વધશે અને મિત્રોનો સહયોગ પણ મળશે. વ્યક્તિઓનો પણ સહયોગ મળશે. હાથમાં પૂરતી સંપત્તિ હોવા છતાં પારિવારિક અશાંતિ રહેશે. તેથી પહેલાં મહત્વપૂર્ણ નિર્ણયો ના લો.

# ધાનપુરના વાંકોટા ગામે વાવાઝોડા થી ૧૩૧ મકાનોને નુકશાન

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના વાંકોટા ગામમાં આજરોજ વાવાઝોડાનો વર્તાતા ૧૩૧ જેટલા મકાનોને ભારે નુકસાન પથી વધું મકાન જમીન દોસ્ત થયાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ગામમાં વાવાઝોડાને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ધાનપુર તાલુકાના વાકોટા ગામે વાવાઝોડાએ કહેર મચાવતા ૧૩૧ જેટલા મકાનોને ભારે નુકશાન પાંચ જેટલાં મકાન જમીન દોસ્ત થતા ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો અન્ય બે ગામમાં પણ આઠ થી દશ જેટલાં મકાનોને નુકશાન સ્થાનિક ધારાસભ્ય સહિત તંત્ર દોડતું થયું.



પ્રાપ્ત માહિતી મુજબ ધાનપુર તાલુકાના વાકોટા ગામે ગત રોજ સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વાંકોટા ગામ ઘેરાયેલું હતું. ત્યારે બપોર બાદ અચાનક વાવાઝોડાએ પોતાનું રોદ્ર સ્વરૂપ ધારણ કરતા વાકોટા ગામમાં વાવાઝોડા એ રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ એકા એક વાવાઝોડું ફૂકતા ગ્રામજનોમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. વાવાઝોડાના કહેરને પગલે ૧૩૧ જેટલા કાચાં મકાનો ના છાપરા તેમજ પત્રાં ઉડી ગયા હતા. જેને લઇ ભારે નુકસાન થયું હતું. જેમાં પાંચ મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા બીજી તરફ પ્રાથમિક શાળાના પણ પતરા ઉડી ગયા હતા. વાવાઝોડાએ વાંકોટા ગામની સાથે સાથે ધનાર પાટીયા તેમજ વાસિયા ડુંગરી ગામમાં પણ કહેર મચાવ્યો હતો અને ત્યાં પણ આઠ થી દસ જેટલા મકાનોને ભારે નુકસાન થયું હતું. વાવાઝોડામાં મકાનોને નુકસાન અંગેની જાણ સ્થાનિક ગરબાડાના ધારાસભ્યને થતાં ધારાસભ્ય અસરગ્રસ્ત પરિવારની મુલાકાતે પહોંચી ગયા હતા. બનાવની જાણ તંત્રને થતાં તંત્ર પણ દોડતું થયું હતું. ગામમાં ઓચિંતુ આવી પડેલ વાવાઝોડા રૂપી આફતના પગલે ગામમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.

# દાહોદ LCBએ ચીલાકોટાનો યુવક ચોરી કરેલી પિકઅપ જીપ સાથે ઝડપાઇ ગયો

દાહોદ,

મધ્યપ્રદેશના ઝાબુઆ વિસ્તારમાંથી વાહન ચોરી કરી લાવેલા લીમખેડાના ચીલાકોટાના ચોરને દાહોદ એસ.સી.બી.એ ઝડપી પાડ્યો હતો. ૭ લાખની ગાડી સાથે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દાહોદ એસ.પી. બલરામ મીણાએ જિલ્લામાં વાહન ચોરીના બનાવો અટકાવવા તેમજ શોધી કાઢવા ટીમો બનાવી પોકેટ કોપના માધ્યમથી વાહન ચેકીંગની ઝુંબેશ હાથ ધરવા માટે એલ.સી.બી. પીઆઇ બી.ડી.શાહને સુચના અને માર્ગદર્શન કર્યુ હતું. જે અનુસંધાને એલ.સી.બી.ની ટીમ વાહન ચોરીના ગુનાઓમા સંડોવાયેલ આરોપીઓ તેમજ વાહન ચોરીના ગુનાઓની ગેંગના સાગરીતોની માહિતી એકત્રિત કરવા માટે કાર્યરત હતી.

તે દરમિયાન પીઆઇ બી.ડી.શાહની સુચનામાં રવિવારના રોજ એલસીબી પોસઇ એમ.એફ.ડામોર તથા સ્ટાફની ટીમ લીમખેડા વિસ્તારમા પેટ્રોલીંગમા નિકળ્યા હતા. તે દરમિયાન પી.આઇ. બી.ડી.શાહને ચીલાકોટા ગામે ગોરાડી ફળીયામાં રહેતો દિલીપ ઉર્ફે દિલુ ઉર્ફે દિલો ગોપાળભાઇ ભાભોર કયાંકથી એક પીકઅપ ગાડી લઇ આવેલ છે અને તે તેના ઘરે મુકી રાખેલ હોવાની બાતમી મળી હતી.

જેના આધારે એલ.સી.બી. ટીમે વોચ ગોઠવી આયોજનબધ્ધ પીકઅપ ગાડી તથા એક દિલીપ ઉર્ફે દિલુ ઉર્ફે દિલો ભાભોરને ઝડપી પાડી ગાડીના એન્જિન તથા ચેસીસ નંબર આધારે પોકેટકોપ એપ દ્વારા તપાસ કરતા જેનો રજિ.નં MP-45-6-2395 જેના માલિક મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના પીપલોદાના રસીયા પીદીયા નીનામાની હોવાનું જણાઇ આવેલ.

જેથી વાહનના આધાર પુરાવા રજૂ કરવા જણાવતા કોઇ સંતોષકારક જવાબ નહી આપી ગલ્લા-તલ્લા કરી પોતાની પાસે નહીં હોવાનુ જણાવતા તેની ઘનિષ્ઠ પૂછપરછ કરતા આજથી દશેક દિવસ અગાઉ પોતાના સાગરીતો સાથે ભેગા મળી પોતાની પીકઅપ ગાડી તથા મો.સા.લઇ મધ્યપ્રદેશ માંડલી બાજુ જતા હતા. તે દરમિયાન ગોવાળી ગામે જંગલમા રસ્તા ઉપર પીકઅપ ગાડી પડેલ હોય અને નજીકમાં કોઇ માણસ જોવા નહીં મળતા ગાડીની ચોરી કરી લાવી પોતાના ઘરે રાખી હોવાની કબૂલાત કરી હતી. રૂપિયા ૭ લાખની પીકઅપ ગાડી સાથે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ જિલ્લામાં મેઘરાજા રિસાયા : મેઘરાજા હાથતાળી આપી ગાયબ થઈ જતા ધરતી પુત્રોમાં ચિંતાના વાદળો

દાહોદ,

દાહોદ જિલ્લામાં મેઘરાજા જાણે હાથ તાળી આપી ગાયબ થઈ જતા અને રિસાઈ જતા જિલ્લાના ધરતી પુત્રોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. માત્ર ચોમાસાના પ્રારંભ સાથે બે વખત વરસાદી ઝાપટું પડતાં ખેતીલાયક વરસાદ વરસ્યો ન હોવાથી ધરતી પુત્રોમાં નિરાશા પણ જોવા મળી રહી છે.

મધ્ય ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ચોમાસાના પ્રારંભ સાથે ધમાકેદાર એન્ટ્રી કરી છે ત્યારે જિલ્લામાં મેઘરાજા રિસાયા હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે, વાદળછાયા વાતાવરણ વચ્ચે માત્ર બે દિવસે મેઘરાજાએ પધરામણી કરી હતી અને તે પણ માત્ર મિનિટના વરસાદમાં મેઘરાજાએ વિરામ લીધો હતો. જેને પગલે ખેતી કઈ રીતે કરવી તેવા સવાલો સાથે દાહોદ જિલ્લાના ધરતીપુત્રોમાં ચિંતાના વાદળો જોવા મળ્યા હતા. ત્યારે બીજી તરફ અસહ્ય ગરમી તેમજ બફારાથી દાહોદ જિલ્લા વાસીઓ હેરાન પરેશાન થયા છે. ખેતીલાયક વરસાદ પડે તો ખેતીકામમાં ખેડૂત મિત્રો જોતરાય તેવી આશા સાથે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે. દાહોદ જિલ્લાના ખેડૂત મિત્રો એ હાલ સુધી વાવણી પણ કરી નથી અને વરસાદની રાહ જોઈ બેઠા છે. ત્યારે દાહોદ જિલ્લામાં વહેલામાં વહેલી તકે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થાય તેવી ખેડૂત મિત્રો લગાવી બેઠા છે.

# દાહોદ જિલ્લામાં યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા સંદર્ભે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી તા.૧ જુલાઈ શુક્રવારના રોજ વિવિધ સ્થળે યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સંદર્ભે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઇ હતી. જેમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા તેમજ રથયાત્રાના સંચાલકઓ ઉપસ્થિત રહ્યાં હતા. સાંસદ ભાભોરે રથયાત્રાના યોગ્ય આયોજન સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે રીતનું આયોજન કરવા જરૂરી સૂચનો કર્યા હતા.

જિલ્લામાં વિવિધ સ્થળે યોજાનારી રથયાત્રામાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન ઉભું કરનાર સામે પોલીસ દ્વારા કડક પગલા લેવાશે. જિલ્લામાં રથયાત્રા દરમિયાન શાંતિ અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસનો પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સંચાલકો પણ રથયાત્રાનું રૂટ પ્રમાણે સુચારૂ આયોજન પ્રમાણે આગળ વધવા સૂચન કરાયું હતું.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, પોલીસ અધિકારીઓ સહિતના અધિકારીઓ તેમજ જિલ્લામાં વિવિધ સ્થળે યોજાનારી રથયાત્રાના સંચાલકઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના ગલાલિયાવાડ ખાતે ઘરમાંથી ૩૨,૭૯૦ના દારૂ સાથે ૧ ઝબ્બે, ઘરમાં જ દારૂ રાખીને તેનું વેચાણ કરી રહ્યો હતો

દાહોદ,

દાહોદના ગલાલીયાવાડ ખાતે ઘરમાં દારૂ રાખીને વેચાણ કરતાં બૂટલેગરની ૩૨,૭૯૦ રૂપિયાના દારૂ-બિયરની ૨૭૪ બોટલ સાથે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે બી ડિવિઝન પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. દાહોદ બી-ડિવિઝન પોલીસ મથક સ્ટાફના નિતેશ કનુભાઇ, નિલેશ લાલસિંહ, ઐયુબ સિમોનભાઇ, મહેશ તુફાનભાઇ તથા દિપક મિનેશભાઇ સહિતના પોલીસ સ્ટાફ રવિવારના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન ગલાલીયાવાડમાં દ્રષ્ટિ નેત્રાલય પાછળ રહેતો કિશન ટારઝન સાંસી તેના ઘરે ઇંગ્લિશ દારૂ રાખી વેચાણ કરતો હોવાની બાતમી મળી હતી.

આ બાતમીના આધારે પોલીસ તપાસ માટે ગઇ હતી. જ્યાં બૂટલેગર કિશન સાંસી ઘરમાં હાજર મળી આવ્યો હતો. આથી તેને સાથે રાખી ઘરમાં તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ઇંગ્લિશ દારૂની રૂપિયા ૫,૧૩૬ની ૪૮ બોટલ તથા રૂપિયા ૧૪,૩૦૪ની વ્હીસ્કીની ૯૬ બોટલ, ૧૨,૦૦૦ રૂ/-ના બિયરના ટીન ૧૦૦ તથા ૧૩૫૦ રૂપિયાની કાટની બિયરની ૧૦ બોટલ મળી કુલ રૂપિયા ૩૨,૭૯૦ની ૨૭૪ જેટલી બોટલો મળી આવી હતી. પોલીસ દ્વારા દારૂના જથ્થા સાથે બૂટલેગર કિશન સાંસીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આ બૂટલેગર વિરૂદ્ધ દારૂનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ઝાલોદના છાયા ગામેથી બે યુવાનોને ૨૫ હજારના દારૂના જથ્થા સાથે ઝડપ્યા

દાહોદ,

પ્રોહીબીશનની મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસે છાયા ગામેથી બે યુવાનોને એક ટુ વ્હીલર ગાડી સાથે ઝડપી પાડી તેઓની પાસેથી રૂપિયા ૨૫ હજારના પ્રોહી મુદ્દામાલ સાથે ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૪૫,૬૮૦/- નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના દેવજીની સરસવાણી ગામના કોટવાલ ફળિયામાં રહેતા ૨૧ વર્ષીય વિપુલભાઈ રમેશભાઈ ડામોર તથા કારક ખેડા ફળિયામાં રહેતા એક ૨૦ વર્ષીય પ્રતીક કુમાર ઉર્ફે પપ્પુ હસમુખભાઈ બારીયા નાઓ મધ્યપ્રદેશના સાત સેરા ગામના દારૂના ઠેકા પરથી વિદેશી દારૂનો જથ્થો ટુ વ્હીલર વાહન પર લાદી સાયણ તરફ આવનાર હોવાની બાતમી પોલીસને મળતા ચકલીયા પોલીસની ટીમ બાતમીને આધારે છાયણ ગામે નિશાળ પાસે રોડ પર વોચ ગોઠવી ઉભા થતા તે સમયે રાત્રિના સવા આઠેક વાગ્યાના સમયે ઉપરોક્ત બંને યુવકો ત્યાંથી ટુ વ્હીલર વાહન લઈ પસાર થતા પોલીસે બંને યુવકોની અટકાયત કરી તેઓની પાસેથી થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂની ૨૪૦ બોટલ કિંમત રૂપિયા ૨૫,૬૮૦/- ના પ્રોહીબિશન જથ્થા સાથે ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૪૫,૬૮૦/- નો મુદ્દામાલ કબજે કરી ચકલીયા પોલીસે ઉપરોક્ત બંને યુવકો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકાના ઝરીખુર્દ ગામે એક ૪૫ વર્ષીય આધેડને સાપ કરડતા આધેડનું મોત

દાહોદ,

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના કતવારા નજીક ઝરી ખુર્દ ગામના રહેવાસી ૪૫ વર્ષીય રઈલુંભાઈ રત્નાભાઈ ભાભોરને ગતરોજ ઝેરી સાપ કરડતા જોતજોતામાં આખા શરીરે સાપનું ઝેર પ્રસરી ગયું હતું અને રઈલુંભાઈનું મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. આ બનાવ સંદર્ભે મરણજનાર રઈલુંભાઈના ભાઈએ કતવારા પોલીસ મથકે જાહેરાત આપતાં પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ એ ડિવિઝન ટાઉન પોલીસે

# રાત્રીના સમયે બાતમીના આધારે ૩૦ કિલો જેટલું ગૌમાસ ઝડપી પાડ્યું બે અજાણ્યા આરોપીઓ મોટર સાઇકલ લઈને ફરાર

દાહોદ,

દાહોદના ભોયવાડા નજીક રાત્રીના ૧૨ વાગ્યાના સમયે બે અજાણ્યા લોકો બ્લેક કલરની પેશન પ્રો ઉપર લોકોના ઘરે જઈને ગૌ માંસની ડીલેવરી કરી રહ્યા છે. તેવી બાતમી દાહોદ ગૌ રક્ષકોને મળી હતી. ત્યારબાદ ગૌ રક્ષકોએ દાહોદ એ ડિવિઝન ટાઉન પોલીસને જાણકારી આપી હતી. ત્યારે એ ડિવિઝન દાહોદ ટાઉન પોલીસે બાતમી વાળી જગ્યા ઉપર પહોંચી ત્યાંથી પેશન પ્રો મોટર સાઇકલ ઉપર ગૌ માસની ઓર્ડર મુજબ ડીલેવરી કરી રહેલા બે અજાણ્યા લોકો કાળા કલરની થેલીઓમાં ગૌ



માંસ ભરેલી પાંચ જેટલી થેલીઓ રોડ ઉપર ફેંકી પોલીસને દેખી ભાગી જવામાં સફળ રહ્યા હતા અને રોડ ઉપર ગૌ માંસ ભરેલી થેલીઓ ફેંકી પેશન પ્રો મોટર સાઇકલ લઈને ભાગી ગયા હતા. જોકે દાહોદ એ ડિવિઝન ટાઉન પોલીસને કાળા કલરની થેલીઓમાં ભરેલું ૩૦ કિલો જેટલું ગૌ માસ મળી આવ્યું હતું અને ટાઉન પોલીસે ગૌ માસ નો કબ્જો લઈને એ ડિવિઝન ટાઉન પોલીસ મથકે લવાયું હતું. ત્યારબાદ પોલીસે તે થેલીઓમાં ભરેલું માસ ગૌ માંસ છે કે નહી તેનું સેમ્પલ મેળવી લેબમાં મોકલવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારબાદ ગૌ રક્ષકોએ સીસીટીવીના આધારે આરોપીઓને પકડવાની માંગ કરી હતી. ત્યારે એ ડિવિઝન દાહોદ ટાઉન પોલીસે બે અજાણ્યા લોકો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ શાળામાં ભૂલકાંઓનો કુમ કુમ પગલાં પાડી પ્રવેશ અપાવ્યો

દાહોદ,

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ ઝાલોદની માંટલીખુંટા પ્રાથમિક શાળા સહિતની શાળાઓમાં ઉપસ્થિત રહ્યાં હતા અને ભૂલકાંઓના કુમ કુમ પગલાં પાડી પ્રવેશ અપાવ્યો હતો. તેમણે બાળકોને સ્કુલ બેગ, શૈક્ષણિક કીટનું વિતરણ કરીને તેમને પ્રોત્સાહન આપ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બલરામ મીણાએ બાળકો તેમજ શિક્ષકોને સંબોધન કરતા જણાવ્યું કે, શાળાકીય જીવનમાં જ શિસ્ત શીખવા મળે છે. શાળામાં શીખેલા શિસ્તથી વ્યક્તિ કેળવણી મેળવે છે અને કેળવણી થકી વ્યક્તિ જીવનમાં સફળ થાય છે. શિક્ષકોએ બાળકોને પાઠયપુસ્તકો ઉપરાંત શિસ્ત સહિતના પાઠ શીખવવા જોઇએ. તેમણે બાળકોને વિવિધ શૈક્ષણિકકીટનું વિતરણ કર્યું હતું અને બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. બાળકોમાં પણ જિલ્લા પોલીસ અધિક્ષકની ઉપસ્થિતીથી વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે સરપંચ, અગ્રણીઓ, ગ્રામજનો, શાળાના આચાર્ય, બાળકના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સશક્ત નેતૃત્વમાં ત્રણ દિવસ માટે શરૂ થયેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ૧૭ મી શ્રૃખંલા રાજ્યભરમાં ચાલી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ પદાધિકારીઓ, અધિકારીઓ, આગેવાનો કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ કરવા કમર કસી છે.

# ગોધરા-પંચમહાલ તથા રાજ એપ્રલ્સ ગોધરા દ્વારા માત્ર મહિલા ઉમેદવાર માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજાશે

ગોધરા,

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા-પંચમહાલ તથા રાજ એપ્રલ્સ ગોધરા દ્વારા તારીખ:૨૯-૦૬-૨૦૨૨ નારોજ સવારે ૧૦:૩૦ કલાકે માત્ર મહિલા ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળોનું આયોજન રાજ એપ્રલ્સ ગોધરા, આર.બી કાર્સ ગોધરા પાછળ, ગોધરા -દાહોદ હાઈવે રોડ, ગોધરા ખાતે કરેલ છે.જેમાં માત્ર મહિલા ઉમેદવારોને ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધોરણ ૦૮ પાસ, ધોરણ ૦૯ પાસ, ધોરણ.૧૦પાસ, ધોરણ ૧૨પાસ, આઈ.ટી.આઈ (તમામ ટ્રેડ) તથા અન્ય લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી માત્ર મહિલા ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક પૂરી પાડવામાં આવશે. આ ભરતીમેળામાં રાજ એપ્રલ્સ ગોધરાના નોકરીદાતા દ્વારા સિલાઈ મશીન ઓપરેટરની જગ્યાઓ માટે નોકરીદાતા દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવારોને શરૂઆતના ત્રણ માસ સુધી સ્ટાઈપેંડ આપવામાં આવશે. ત્યારબાદ પીસ રેટ મુજબ ચુકવણું કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ખેડા ફળીયા સિંગોર પ્રા.શાળા દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

ખેડા ફ.સિંગોર પ્રા.શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. મુખ્ય અતિથિ ચંદ્રિકાબેન મકવાણા સી.ડી.પી.ઓ., દે.બારીઆ દ્વારા ધો-૧ના ૩૨ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. આંગણવાડીના-૫ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. સરપંચ રાયસીંગભાઈ તરફથી ૩૨ બાળકોને દફતર દાન આપ્યા. બાબારી સાઉન્ડ તરફ થી સાઉન્ડ ફ્રી સેવા આપવામાં આવી. અમિતભાઈ રમણભાઈ તરફથી ફ્રી મંડપની સેવા આપવામાં આવી અને શાળાના શિક્ષકો દ્વારા તિથી ભોજન આપવામાં આવ્યું.

# પંચમહાલ કલેકટરની અધ્યક્ષતામાં રોજગાર ભરતી મેળા અને રોજગાર સલાહકાર સમિતિ અંગે સમીક્ષા બેઠક યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં સરકારી,અર્ધસરકારી અને પ્રાઈવેટ સેક્ટરની વિવિધ ભરતીઓ અંગે ૨૦ જૂનથી ૩૧ જુલાઈ દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા જિલ્લાનાં રોજગારવાંચ્છુકોને રોજગારી પુરી પાડવાની કટિબદ્ધતાના ભાગરૂપે જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ગોધરા ખાતે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં કલેકટરએ જણાવ્યું હતું કે, મહત્તમ રોજગારી પૂરી પાડવી તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ ઉપરાંત ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુકોને પોતાની લાયકાત અનુસાર રોજગારીની તક મળી રહે એ અંગે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં ઓક્ટોબર ૨૦૨૧થી માર્ચ ૨૦૨૨ સુધીના ત્રિમાસિક સમયગાળાની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં કલેક્ટર દ્વારા કામગીરી અંગે વિવિધ સબંધીત અધીકારીઓ સાથે સુચારૂ સલાહ-સુચનો કર્યા હતા.

આ પ્રસંગે રોજગાર આધિકારી એ.એલ.ચૌહાણે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી ૧૫ જુલાઈના રોજ સમગ્ર ગુજરાતમાં ૧ લાખ યુવાનોને રોજગાર પત્રો આપવાનું આયોજન કરેલ છે. જેના અનુસંધાને પંચમહાલ જિલ્લામાં ૪૩૦૦થી વધુ યુવાનોને અલગ અલગ ક્ષેત્રે રોજગાર પત્રો આપવામાં આવશે. સરકારના શરૂ થયેલા અનુબંધમ પોર્ટલ પર રોજગારવાંચ્છુકોને રોજગારી પુરી પાડવાની પહેલ અંતર્ગત વધુમાં વધુ યુવાનો રજીસ્ટ્રેશન કરાવે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં ૨૯ જુનના રોજ ફક્ત મહિલા ઉમેદવારો માટે રાજ એપ્રલ્સ ગોધરા ખાતે, ૧ જુલાઈના જિલ્લા રોજગાર કચેરી ખાતે ઓનલાઈન રોજગાર મેળો, ૦૬ જુલાઈના એમ.જી.મોટર હાલોલ( દિવ્યાંગ), ૦૮ જુલાઈના સરકારી આઈ.ટી.આઈ કાલોલ ખાતે, ૧૩ જુલાઈના રોજ સરકારી આઈ.ટી.આઈ ગોધરા ખાતે, ૧૫ જુલાઈના જામેહ આઈ.ટી.આઈ વણાંકપુર ખાતે, ૨૦ જુલાઈના રોજ સરકારી આઈ.ટી.આઈ જામ્બુંઘોડા ખાતે, ૨૨ જુલાઈના સરકારી આઈ.ટી.આઈ પાવાગઢ ખાતે, ૨૭ જુલાઈના નીલકંઠ કોલેજ કાલોલ ખાતે તથા ૨૯ જુલાઈના રોજ આઈ.ટી.આઈ મોરા,તા-મોરવા(હ) ખાતે ભરતીમેળાનુ આયોજન કરવામાં આવશે.

તા.૦૧.૦૭.૨૦૨૨ થી રોજગાર કચેરી ખાતે નોંધાયેલા અને નોંધાયા વગરના તમામ એમ્પ્લોયરની નવી નામ નોંધણી, અપડેશન, ટ્રાન્સફર,વેકન્સી નોટીફીકેશન, ઓનલાઈન અને ઓફલાઈન પ્લેસેમેન્ટ એન્ટ્રી તેમજ નામાવલી પાઠવવાની કામગીરી, ઈ.આર ૧ અને ૮૫% સ્થાનિક રોજગારીના રીટર્ન સબમિટ કરવાની કામગીરી માત્ર અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન કરવામાં આવનાર છે. વધુમાં અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in રજીસ્ટ્રેશન બાકી હોય તેવા એમ્પ્લોયરે સંસ્થાનું જી.એસ.ટી.નંબર/પાન નંબર/ફેક્ટરરી લાયસન્સ, લોગો અને કોન્ટેક્ટ વ્યકતિની ઈમેલ આઈ.ડી અને મોબાઈલ નંબરની વિગતો તેમજ જોબ સીકરે પોતાનું આધાર કાર્ડ,પાસપોર્ટ સાઈઝ ફોટો, ઈમેલ આઈ.ડી.અને મોબાઈલ નંબર સાથે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.260

# રાયસિંગપુરાના બે અનાથ બાળકો મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભથી છ માસથી વંચીત

ગોધરા,

ગુજરાત સરકારના બાળ વિકાસ અને સમાજ કલ્યાણ વિભાગ દ્વારા જેના બંને માપ મરણ પામ્યા હોય તેવા વિદ્યાર્થીઓને માસિક ૪૦૦૦ રૂપિયા આપવાની યોજના અમલમાં છે. જે મુજબ ગોધરા તાલુકાના રાયસીંગપુરા ગામના રાઠોડ હરજીતસિંહ રાયમલસિંહ રાઠોડ અને રાઠોડ યોગેન્દ્રસિંહ રાયમલસિંહ આ બંને બાળકોના માં-બાપ ન હોય તેમને માસિક ૪૦૦૦ રૂપિયા મંજૂર થયા હતા, પરંતુ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક હરકુંડીના અધિકારીઓ ખાતામાં સરકારી આ સહાય જમા થતી હોવા છતાં ભણતર, શિક્ષણ, કપડા તેમજ ખાવા-પીવાની ચીજવસ્તુ ખરીદવા માટે મળતી આ સહાય બેંક છેલ્લા સાત આઠ માસથી બાળકોને વારંવાર લેવા જવા છતાં આપેલ નથી. બંને અનાથ બાળકોના મૃત પિતાજીના કોઈ બેંકના લેણાને ધ્યાનમાં રાખીને આ સરકારી સહાય બેંક અટકાવી રાખે તે કેટલું વ્યાજબી ગણાય? હા નાંણા સરકાર અનાથ બાળકોના શિક્ષણ માટે ખાસ મોકલતી હોય છે. જે બેંક પોતે મનસ્વી રીતે બાળકોને નાણાં ન આપીને તેમના શિક્ષણનો અધિકાર છીનવી રહી હોય તેવું નથી લાગતું



આ બાબતે ગંભીર પગલા લઈ સરકાર બેંક સામે પગલાં ભરે તે માટે વાલીઓ અને આ વિસ્તારના લોકોની માંગ છે.

યોગેન્દ્રસિંહ રાયમલસિંહ

રાઠોડ ધોરણ ૯ તથા હરજીતસિંહ રાયમલસિંહ રાઠોડ ધોરણ-૭ માં મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત ૪૦૦૦ રૂપિયા બંને બાળકોને મળતા હતા. બાળકોના પિતાનો બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં ભૂતકાળના લોનના પૈસા બાકી હોય તે મુદ્દો આગળ ધરી બેંકના કર્મચારીઓ પૈસા આપતા નથી. જે ખૂબ ગંભીર બાબત છે. બાળકોનું શિક્ષણ કથળી રહ્યું છે. બાળકોને બીમાર થાય ત્યારે, બાળકોને શિક્ષણની સામગ્રી લેવા માટે પૈસા આપતા નથી અને બેંકના કર્મચારીઓ જણાવે છે કે, તમારે જે ચાલે તે કરી લો અમે પૈસા નહિ ભરાય ત્યાં સુધી આ પૈસા આપીએ નહીં. શું આ બાળકોને ભણવા માટે, આરોગ્ય સુખાકારી અને શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે પૈસા આપવામાં આવે છે. તે અટકાવી બાળકોનું શિક્ષણ જોખમમાં મૂકી તેમની કારકિર્દી સામે બેંકના કર્મચારીઓ આ રીતે વર્તન કરે એ યોગ્ય છે? આર ટી ઈ- ૨૦૦૯ હરકુંડી બેંક બાળકોના શિક્ષણના અધિકાર સામે તલવાર ધરતી હોય તેવું નથી લાગતું? આ બાબતે જવાબદાર બેંક, જવાબદાર અધિકારીઓ સામે કાયદેસર પગલાં

## બરોડા ગુજરાત ગ્રામીણ બેંક હરકુંડીના અધિકારીઓ મનસ્વી રીતે બાળકોને પૈસા જમા હોવા છતાં આપતા નથી

ભરી બાળકોને તેની સરકારી સહાય તાત્કાલિક મળે અને તેમનું શિક્ષણ આગળ વધે તે માટે ખાસની વિનંતીઓ અનેક વખત સમાજ કલ્યાણ અને બાળ વિભાગને કરવામાં આવી હોવા છતાં પરિણામ શૂન્ય રહ્યું છે. પાલક પિતાએ પૈસા ન મળવા બાબતે કરેલી ફરિયાદના જવાબમાં પંચમહાલ જિલ્લાના સમાજ કલ્યાણ બાળ વિભાગના વિભાગના અધિકારી કનુભાઈએ પાલક પિતા પૈસા ભરવાની બાંહેધરી આપે તો પૈસા બેંક આપશે તેવું જણાવીને હાથ ઊંચા કરી લીધા હતા. એક બાબત નક્કી છે કે આર્થિક સહાયથી વંચિત રહીને કોઈને કોઈ રીતે બાળકોનું શિક્ષણ જોખમમાં મુકાઈ રહ્યું છે. તયારે બાળકોના ભવિષ્ય માટે જવાબદાર કોણ ? સરકાર સહાય ચૂકવતી હોવા છતાં પણ બેંકના કર્મચારીઓ આ સહાય અટકાવીને બાળકોનું ભવિષ્ય ખરાબ કરી રહ્યા છે. આ બાબતે શું પગલાં લેશે પંચમહાલ જિલ્લાના સામાજિક સુરક્ષા વિભાગ ? આ બાબતે શું પગલાં લેશે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક? બરોડા ગુજરાત ગ્રામીણ બેંક હરકુંડીના મુખ્ય સત્તાધિકારી સામે બાળકોને તાત્કાલિક અસરથી આ પૈસા મળે તે માટે સરકારનો આ યોજના વિભાગ શું પગલાં ભરશે? એવું આ વિસ્તારમાં ચર્ચાઈ રહ્યું છે.

# મોરવા(હ)ના રામપુર (ક) ગામ પાસેથી ઈકોમાં ભારતીય ચલણ માંથી રદ થયેલ રૂા.૯૭.૫૦ લાખની નોટો સાથે ૬ ઈસમને SOG પોલીસે ઝડપ્યા



મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના રામપુરા (ક) ગામ પાસે એસ.ઓ.જી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને ઈકો ગાડીમાં શહેરા તરફ થી આવતાં છ ઈસમોને ભારત સરકાર દ્વારા ચલણ માંથી રદ કરાયેલ જુદા જુદા દરની રૂા.૯૭,૫૦,૦૦૦/- નોટો સાથે આરોપીઓને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. વિસ્તૃત વિગતો મુજબ ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, શહેરા વાઘજીપુર ચોકડી બાજુથી ઈકો ગાડી નંબર જીજે.૦૭.એઆર.૩૫૭૩ માં કેટલાક ઈસમો ભારતીય ચલણ માંથી રદ કરવામાં આવેલ રૂપીયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપીયાની ચલણી નોટો સાથે મોરવા(હ) તાલુકા તરફ આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે મોરવા(હ)ના રામપુર (ક) ગામ પાસે વોચ ગોઠવીને ઈકો ગાડી ઝડપી પાડી હતી. ઈકો ગાડી માંથી દોલતસિંહ બાધરસિંહ બારીયા (રહે. મોજરી, મોરવા(હ)), રંગીતભાઈ મોતીભાઈ પગી (રહે. દલવાડા, મોરવા), વિનોદભાઈ પરવતભાઈ બારીયા (અણીયાદ, શહેરા), ગણપતસિંહ જયસિંહ પગી (રહે. નાગલોદ, મોરવા), ભારતસિંહ ફતેસિંહ બારીયા (રહે. ડેમલી, શહેરા) ને ઝડપી પાડવામાં આવ્યા. પકડાયેલા ઈસમો પાસેથી સરકારે ભારતીય ચલણ માંથી રદ કરાયેલા જુદા જુદા દરની રૂપીયા ૯૭,૫૦,૦૦૦/-ની નોટો સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરા તાલુકાના નાથુજીના મુવાડા ગામની આંગણવાડી કેન્દ્ર ખાતે રમી રહેલા બાળક ને ઝેરી સાપ કરડી જતા મોત નિપજ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના નાથુજીના મુવાડા ગામની આંગણવાડીની બહાર ચાર વર્ષના બાળકને ઝેરી સાપ કરડી જતા મોત નીપજ્યું હતું. ચાર વર્ષના બાળકનું સાપ કરડી જતાં મોત થતા સોલંકી પરિવારમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી.

શહેરા તાલુકાના નાથુજી ના મુવાડા ગામ ખાતે રહેતા સિધ્ધરાજ સોલંકીનો ચાર વર્ષનો પુત્ર વિહાન આંગણવાડી કેન્દ્ર ખાતે ભણવા માટે ગયો હતો. આંગણવાડી કેન્દ્ર ની બહાર ખુલ્લી જગ્યામાં ચાર વર્ષનો બાળક અન્ય બાળક સાથે રમી રહયો હતો ત્યારે ઝેરી સાપે વિહાનને હાથ ના ભાગે અને પગ માં ડંખ મારી દેતા તે જમીન પર ઢળી પડતા બીજા બાળકો એ બૂમાબૂમ કરતા આંગણવાડી કાર્યકર ત્યા દોડી આવી હતી. બનેલા બનાવની જાણ બાળકના પરિવારજનોને થતા તેઓ તાત્કાલિક આંગણવાડી કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા અને બાળકનો જીવ બચે તે માટે ૧૦૮ ઈમરજન્સીને સેવાને કોલ કરતા થોડીવારમાં એમ્બ્યુલન્સ આવી જતા ચાર વર્ષના બાળક વિહાનને સારવાર અર્થે નજીકના હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં હાજર તબીબ દ્વારા બાળકને મરણ ગયેલ હોવાનું પરીવારજનોને જણાવ્યું હતું. બનેલા બનાવની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે મૃતક બાળકના પિતાની ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. નાનકડા ગામમાં આવેલ આગણવાડી કેન્દ્ર ખાતે ચાર વર્ષના બાળકનું ઝેરી સાપ કરડતા મોત થતા વાલીઓમાં ભારે ફફડાટ ફેલાવા સાથે સોલંકી પરીવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

# શહેરા મોરવા(હ) તાલુકામાં ખાનગી બોર કરી આપવાના બહાને ૩૦ વ્યકિત પાસેથી બે લાખ ઉઘરાવી માતરીયા વ્યાસના ઈસમ સામે ફરિયાદ

શહેરા,

શહેરા અને મોરવાહડફ તાલુકામાં ખાનગી બોર કરી આપવાના અવેજમાં ૩૦ જેટલા વ્યકિતઓ સાથે ૨ લાખ ઉપરાંતની ઠગાઈ માતારીઆ વ્યાસ ગામના શખ્સ એ વર્ષ ૨૦૨૧ના ૧૨માં મહિનાથી લઈ અત્યાર સુધીમાં કરી હતી. ૩૦ જેટલા વ્યક્તિઓ સાથે પાણીનો ખાનગી બોર નાખી આપવાના વાયદા આપી ઠગાઈ કરતો હોવાથી પોલીસ મથક ખાતે ફરીયાદ નોધાતા ગણતરીના કલાકોમાં આરોપી પકડાઈ ગયો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર શહેરા તાલુકાના માતારીઆ વ્યાસ ગામનો રહેવાસી ગણપતસિંહ સરમસિંહ બારીઆ નવાગામ સ્થિત ''સદગુરૂ ઈરીગેસન'' નામની એજન્સીમાં કામ કરે છે અને તાલુકામાં અને તાલુકા બહાર જે લોકોને ખાનગી પાણી નો બોર નાખવો હોય તેની પાસેથી અલગ અલગ રકમ બોર માટે વસુલતો હતો. આવી જ રીતે



શહેરા તાલુકાના સુરેલી ગામના ડુઝેરી ફળિયામાં રહેતા રમેશભાઈ માનાભાઈ પટેલ ગત ડિસેમ્બરમાં ચિટર ગણપત બારીઆના સંપર્કમાં આવતા તેઓએ પોતાના ઘરે પાણીનો બોર કરાવવાનો હોવાનું જણાવતા ગણપત બારીઆ ફરિયાદી રમેશભાઈના ઘરે આવ્યો હતો અને બોર માટેના ૧૦ હજાર રૂપિયા તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો આપ્યા હતા અને ફેબ્રુઆરી ૨૦૨૨માં તમારા ત્યાં પાણીના બોરનું કામ ચાલુ થઈ જશે એવું જણાવી વિશ્વાસ આપ્યો હતો અને અઠવાડિયા બાદ વધુ

> શહેરા તાલુકામાં ''સદગુરૂ ઈરીગેસન'' નામની નવાગામ સ્થિત જે એજન્સી ચાલે છે. એ એજન્સી દ્વારા જિલ્લામાં અન્ય તાલુકામાં પણ બીજાને ખાનગી બોર નાખી આપવાની અવેજમાં આ રીતે છેતરપિંડી કરી મોટી રકમ પડાવી લેવામાં આવી હશે. જો એ દિશામાં પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવે તો કદાચિત મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતા નકારી ન શકાય.

લોકોના પાણીના ખાનગી બોર નાખવા ની અવેજમાં અલગ અલગ રકમ વસૂલી હતી અને જરૂરી પૂરાવા પણ લઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી ગણપતે લીધેલા રૂપિયાના બદલામાં ના કોઈ પહોંચ રસીદ કે લખાણ આપ્યું ન હતું. આરોપી ગણપતના કહેવા મુજબ ફેબ્રુઆરીમાં તમામના બોર થઈ જશે પરંતુ ફેબ્રુઆરી પતવા આવ્યા બાદ પણ બોર ન થતા આ બાબતે પૂછતાં જણાવ્યું હતું કે તમારૂં બોરનું કામ થઈ જશે થોડી રાહ જુઓ અને કામ નથી થતું તો તમને તમારા રૂપિયા અને દસ્તાવેજ પરત મળી જશે. ત્યારબાદ સમયાંતરે આરોપી ગણપતને ફોન કરતા ફોન ઉઠાવવાનું બંધ કરી દીધું હતું. બીજા નંબર પરથી ફોન કરીએ તો પણ ફોન ઉપાડતો નહિ આથી હારી થાકી કંટાળી સોમવારના રોજ રમેશભાઈએ શહેરા પોલીસ મથકે આવી ગણપત સરમસિંહ બારીઆ વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. નોંધનીય છે કે ફરિયાદ નોંધાવતી વખતે પોતાના ગામ સિવાય અન્ય ગામના અને મોરવા હડફ તાલુકાના લોકો પણ આનો ભોગ બન્યા હોવાનું ફરિયાદીને ધ્યાને આવ્યું હતું. પોલીસે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ આરોપી ગણપતને દબોચી લઈ જેલના સળિયા પાછળ મોકલી આપ્યો હતો.